ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગરના મહેકમની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ SJED/MIS/e-file/17/2025/0177/A Section

સચિવાલય, ગાંધીનગર.

તા. ઈ-સાઈન મુજબ

વંચાણે લીધાં:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૧/૨૦૨૬ નો સમાનાંકી ઠરાવ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૪/૨૦૨૬ નો ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2025/2747/A Section

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૬/૧૦/૨૦૨૬ નો પત્ર ક્રમાંક: DDCW/ADMIN/e-file/225/2024/0546/Administrative.

આમુખ:-

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની કુલ ૧૦(દસ) હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૭ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) હેઠળના ઠરાવથી સદરહુ નિગમ ખાતે નાયબ હિસાબનીશ (વર્ગ-૩) સંવર્ગની ૦૧(એક) જગ્યા ઉભી કરવા અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. ઉપરોક્ત જગ્યાઓની મુદત પૂર્ણ થનાર હોઇ વંચાણે લીધેલ ક્રમાંક (૩) હેઠળના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની કુલ ૧૧ હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૮ સુધી ચાલુ રાખવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગરના હંગામી મહેકમની નીચે મુજબની કુલ ૧૧ જગ્યાઓને આ ઠરાવમાં દર્શાવ્યા મુજબની શરતોને આધીન તા.૨૯/૦૨/૨૦૨૮ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

ક્રમ	મંજૂર થયેલ હંગામી જગ્યા	જગ્યાની સંખ્યા
૧	મેનેજિંગ ડિરેક્ટર (વર્ગ-૧)	૦૧
૨	હિસાબી અધિકારી (વર્ગ-૧)	૦૧
૩	હિસાબી અધિકારી (વર્ગ-૨)	૦૧
૪	સીનીયર ક્લાર્ક (વર્ગ-૩)	૦૩
૫	જુનીયર ક્લાર્ક (વર્ગ-૩)	૦૩
૬	નાયબ હિસાબનીશ (વર્ગ-૩)	૦૧
૭	સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૨ (વર્ગ-૩)	૦૧
	કુલ	**૧૧**

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સંબંધિત નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈઓને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ જગ્યાઓ જે હેતુ માટે ઊભી કરવામાં આવેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફિકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૮) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) નાણાં વિભાગના તા.૨૭/૦૬/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z1 તથા અન્ય વખતોવખતની તમામ આનુષાંગિક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ હંગામી જગ્યાઓની મુદ્દત પૂર્ણ થયા બાદ જો જગ્યાઓ ચાલુ રાખવાની આવશ્યકતા જણાય તો જગ્યાઓ ચાલુ રાખવાની વિગતવાર દરખાસ્ત મુદ્દત પૂર્ણ થવાના ચાર માસ પહેલાં નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફતે કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગના પરામર્શમાં તા.૦૩/૧૧/૨૦૨૬ ની નોંધ પર સક્ષમ કક્ષાએથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sd/-

(સમીર ગરાસિયા)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

• નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

• નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર.

• એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
• મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નંબર-૨/૭, ડી-૨ વિંગ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
• પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર (ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર મારફત)
• સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ- આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ...
• શાખા સિલેક્ટ ફાઇલ

Signature Not Verified

Signed by:Samir Garasia
Section Officer
Date:2026.11.06
10:34:18 +5:30

File No: SJED/MIS/e-file/17/2025/0177/A Section
Approved By: Deputy Secretary,A Section,SJED

Open the document in Adobe Acrobat DC to verify the E-sign